મોડાસામાં એસટી કર્મચારીઓએ બસ પર લાગેલા પોસ્ટર દૂર કરી જૂતાંના હાર પહેરાવાયા

મોડાસા, તા. ૨૨

સમગ્ર રાજયમાં એસ.ટી. નિગમના ૪૫ હજાર કર્મચારીઓનું બુધવારે રાત્રે ૧૨ વાગ્યાથી ગુરૂવારની રાત્રીના ૧૨ વાગ્યા સુધી માસ સીએલને લઈને બસો બંધ રહેવાની હતી. તેવામાં ગુરૂવારે મુખ્યમંત્રીએ સાતમાં પગાર પંચનો લાભ આપવાની ના પાડી દેતા કર્મચારીઓ રોષે ભરાયા હતા. જેના પગલે તેઓએ અચોક્કસ મુદતની હડતાળ જાહેર કરી દેતા પરિસ્થિતિ વધુ વણસી હતી. રાજયમાં પરિવહનની જીવાદોરી સમાન એસ.ટી. બસોનું સંચાલન સદંતર ખોરવાઈ જતા મુસાફરો ઠેરઠેર અટવાઈ પડયા હતા. અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા એસટી ડેપોના કર્મચારીઓએ મુખ્યમંત્રી વિજય રૂપાણીના છાજીયા લીધા બાદ સરકારના જડ વલણના પગલે એસટી ડેપોમાં ઉભેલી બસ અને બસ સ્ટેન્ડમાં મુખ્યમંત્રીના લગાવેલા પોસ્ટર ફાડી નાખી જૂતાંનો હાર પહેરાવતા પોલીસે ૫૦થી વધુ એસટી કર્મચારીઓની અટકાયત કરી મોડાસા પોલીસ સ્ટેશનમાં લઈ જવાતા આગામી સમયમાં આંદોલન આક્રમક બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

સરકારના અક્કડ વલણ સામે એસ.ટી. કર્મચારીઓની મક્કમતા વચ્ચે નિર્દોષ મુસાફરોએ પીસાવાનો વારો આવ્યો છે. અરવલ્લી જિલ્લામાં એસટી ડેપોના કર્મચારીઓ મોટી સંખ્યામાં શનિવારે બસ સ્ટેન્ડ પહોંચી આક્રમક બની આકોશ સાથે એસટી બસ પર ચોંટાડેલા અને બસ સ્ટેન્ડમાં લગાડેલ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પોસ્ટર ફાડી અને ઉખાડી કાઢી વિજય રૂપાણીના પોસ્ટરને બસ સાથે લટકાવી જૂત્તા-ચપ્પલનો હાર પહેરાવી ઉગ્ર સૂત્રોચ્ચાર કરતા મોડાસા ટાઉન પોલીસે અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. હાલ તમામ કર્મચારીઓ પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખવામાં આવ્યા છે.

પોલીસ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અટકાયત કરેલા કર્મચારીઓ સામે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી કોઈ પણ પ્રકારનો ગુન્હો નોંધાયો નથી. હાલ સ્થાનિક અધિકારીઓ ઉચ્ચતરીય અધિકારીઓનું માર્ગદર્શન મેળવી કાર્યવાહી કરવી કે નહિ તે માટે ચર્ચા વિચારણા ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

બનાસકાંઠાના ચાર અને પાટણના એક

કુખ્યાત બુટલેગરને પાસા હેઠળ જેલમા ધકેલાયા

પાલનપુર એલ.સી.બી દ્વારા વિદેશી દારૂ ની હેરાફેરી અને વેચાણ કરતા પાંચ બુટલેગર ની અટકાયત કરી જુદી જુદી જેલો મા ધકેલી દેવાયા છે

પાલનપુર, તા.૨૨

બનાસકાંઠા મા વિદેશી દારૂનુ વેચાણ અને હેરાફેરી કરતા પાંચ કુખ્યાત બુટલેગર ની પાલનપુર એલ.સી.બી પોલીસ ની ટીમે પાસા હેઠળ અટકાયત કરી ને રાજય ની જુદી જુદી મધ્યસ્થ જેલો મા ધકેલી દિધા છે

ગાંધી ના ગુજરાત મા દારૂ ના વેચાણ અને સેવન ઉપર પ્રતિબંધ હોવા છતા પણ દેશી અને વિદેશી દારૂ નુ છુટ થી વેચાણ થઈ રહ્યુ છે ત્યારે કેટલીક વાર પોલીસ દ્વારા દારૂબંધી ના અમલ માટે બુટલેગરો સામે કાર્યવાહી કરવા મા આવે છે પંરતુ બુટલેગરો દારૂ નો કાળો કારોબાર બંધ કરવા નુ નામજ લેતા નથી ત્યારે પોલીસ અને પ્રશાસન ને બુટલેગરો સામે સખ્ત પગલા લેવા ની ફરજ પડે છે જેમા રાજસ્થાન થી ગુજરાત મા વિદેશી દારૂ ઘુસાડવા નુ ષડયંત્ર રચનાર પાંચ કુખ્યાત બુટલેગરો ને પાસા હેઠળ જેલ મા ધકેલાયા છે જીલ્લા મા દારૂબંધી નો અમલવાર કરાવવા જીલ્લા મેજીસ્ટેટ ના હુકમ થી પાલનપુર એલ.સી.બી પી.આઈ પી.એલ વાઘેલા એ જીલ્લા પોલીસ વડા પ્રદિપ સેજુળ ની સુચના થી કુખ્યાત બુટલેગર(૧) હમીરભાઈ દલાભાઈ રાજપુત રહે.મકડાલા તા.દિયોદર (૨) વિજય બાબુલાલ મોદી રહે.રીસાલા બજાર ડીસા (૩) મનોજ ઈશ્વરભાઈ મોદી રહે રીસાલા બજાર ડીસા (૪) હિતેશ લક્ષ્મીચંદ મોદી રહે વાડીરોડ ડીસા (૫) ભાવેશ પ્રહલાદભાઈ મોદી રહે રજકાવાડા પાટણ વાળા ની પાસા હેઠળ અટકાયત કરી ને તેમને જામનગર.ભાવનગર . વડોદરા. સુરત. લાજપોર ની જેલ મા ધકેલી દેવામા આવતા બુટલેગરો મા ફફડાટ વ્યાપી જવા પામ્યો છે

પાલનપુર એસ.ટી. કર્મચારીઓએ મુખ્યમંત્રીના છાજીયા લઈ દેખાવો કર્યા

પાલનપુર, તા.૨૨

પાલનપુર એસ.ટી. વિભાગની હડતાલ બીજા દિવસમાં પ્રવેશી છે. ત્યારે કર્મચારીઓએ અર્ધનગ્ન હાલતમાં વિરોધ પ્રદર્શન કરી મુખ્યમંત્રીના છાજીયા લઈ વિરોધ જતાવ્યો હતો. તેઓએ માગણી નહી સંતોષાય ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાની ચિમકી આપી હતી.

પડતર માંગણીઓને લઈને રાજયભરના એસ. ટી. કર્મચારીઓએ હડતાલનો માર્ગ અપનાવ્યો છે. ત્યારે બનાસકાંઠામાં એસ.ટી. ડિવીઝનમાં પણ બસના પૈડાં થંભી જતા મુસાફરો અટવાયા હતા. ત્યારે એસ.ટી.ની હડતાલના બીજા દિવસે કર્મચારીઓએ અર્ધનગ્ન હાલતમાં સરકાર વિરોધી છાજીયા લઈ વિરોધ નોંધાવ્યો હતો.અને માગણી નહી સંતોષાય ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાની ચિમકી આપી છે.

હડતાલના બીજા દિવસે પણ સરકાર વાટાઘાટો માટે તૈયાર થઈ નથી. ત્યારે બહેરી સરકારના કાને કર્મચારીઓનો અવાજ પહોંચાડવા કર્મચારીઓએ અર્ધનગ્ન દેખાવો કર્યા હતા. લડાયક મૂડમાં આવેલા કર્મચારીઓ હવે જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી લડી લેવાની ચીમકી આપી છે. ત્યારે મુસાફરોની હાલત કફોડી બની છે. ખાનગી વાહનચાલકોએ ઉઘાડી લૂંટ ચલાવતા વિદ્યાર્થીઓ, નોકરિયાતો સહિત મુસાફર જનતાને ભારે હેરાનગતિનો સામનો કરવાનો વારો આવ્યો છે.

પ્રાંતિજ લાલ દરવાજા વિસ્તારમાં એક મકાનમાં આગ લાગતાં નાસભાગ મચી

કપડાં, ગાદલા સહિતની ઘરવખરી બળીને સ્વાહા થઈ : આગ લાગતા આજુબાજુના લોકોમા ભાગદોડ : ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગને હોલવવામા આવી : ઘરમાં કોઈ ન હોવાથી જાનહાની ટળી

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બજારચોક લાલ દરવાજા વિસ્તારમાં આવેલ માળીની ખડકીમાં એક મકાનમાં અચાનક આગ લાગતાં આજુબાજુ લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી તો મકાનમાં રહેલ ઘરવખરી આગમાં બળીને સ્વાહા થઈ ગઈ હતી

પ્રાંતિજ લાલ દરવાજા વિસ્તારમાં આવેલ માળીની ખડકીમાં રહેતાં રાઠોડ દશરથસિંહ વિરસિંહ તેવો તથા પરીવારના સભ્યો ઘરની બહાર હતાં તે સમયે તેવોના પતરાં વાળા મકાનમાં અચાનક આગની જ્વાળાઓ દેખાતા આજુબાજુના લોકો સહિત વિસ્તારના લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી તો આ અંગેની જાણ પ્રાંતિજ ફાયર ટીમને કરતાં પ્રાંતિજ ફાયર ટીમ મુકેશભાઈ પરમાર સહિત તેમની ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને પાણીનો મારો ચાલું કર્યો હતો અને આગને કાબુમાં લેવામાં આવી હતી પણ જોતજોતામાં આગ ફેલાઈ જતાં ઘરમા રહેલ કપડાં, ગાદલા સહિતની ઘરવખરી આગમાં બળીને સ્વાહા થઈ ગઈ હતી તો તંત્ર દ્વારા આગને લઈને કોઈ જાનહાનીના થતાં હાશકારો અનુભવ્યો હતો.

ભિલોડા માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા વિદ્યા મંદિરમાં ડ્રગ નિવારણ સેમિનાર યોજાયો

ભિલોડા,તા.૨૨

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા વિદ્યા મંદિરમાં જી. સી. આર .ટી., ગાંધીનગર,જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર ધ્વારા ડ્રગ નિવારણ સેમિનારનું આયોજન કરાયું હતું. આજનું યુવાધન બરબાદીના પંથે ધકેલાઈ રહ્યું છે ત્યારે સાચુ માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી આયોજન કરાયું હતું. ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગામેતી, સામાજીક કાર્યકર ગોરધનભાઈ ગામેતી ઉપસ્થિત રહ્યા હતા. તજજ્ઞ વક્તા તરીકે ઈડર ડાયટ સિનીયર લેક્ચરર ડૉ.મદનસિંહ ચૌહાણ, વસંતભાઈ પટેલએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી માહિતગાર કર્યા હતા. માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા વિદ્યા મંદિર આચાર્ય રમણભાઈ પટેલએ વિદ્યાર્થીઓને ડ્રગ કન્ટેનવાળા પ્રદાર્થોથી દુર રહેવા સલાહ આપી જણાવ્યું હતું કે ડ્રગથી શારીરિક, માનસિક અને સમગ્ર નવર્સ સિસ્ટમ પર ગંભીર અસર થતી હોઈ ભવિષ્યમાં પણ આવા પ્રદાર્થોથી દુર રહેવાની તાકીદ કરી હતી. કાર્યક્રમનું સફળ આયોજન વ્યાયામ શિક્ષક ડી. આર. ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડાના હાર્દસમા રહેણાંક વિસ્તારમાંથી બાઈક ચોરાયું

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા રહેણાંક વિસ્તારમાંથી અજાણ્યા ચોર ઈસમ ધ્વારા બાઈક ચોરાયું છે. પોલીસએ અજાણ્યા બાઈક ચોર ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બાઈક ચોરીઓનો સીલસીલો યથાવત રહ્યો છે. બાઈક ધારકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પોલીસ ધ્વારા પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. સુરમાજીના જણાવ્યા મુજબ પટેલ સોસાયટીમાં મકાન ધરાવતા ખેડુત પુત્ર જીગરભાઈ રમણભાઈ પટેલના ઘર આગળ પાર્ક કરેલું હિરો સ્પ્લેન્ડર પ્રો બાઈક નંબર. જી. જે. ૦૯. સી. એફ. ૯૨૫૮ જેની અંદાજીત કિંમત રૂા.૧૭,૦૦૦/- છે. બાઈક ધારક જીગરભાઈ રમણભાઈ પટેલએ બાઈક ચોરી સંદર્ભે અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ બાઈક ચોરી સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રક્તદાન કેમ્પમાં મોડાસા લાટીવાળા ડી.એલ.એડ. કોલેજનું યોગદાન

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા સંચાલીત મોડાસા કોલેજ સંકલન સમિતિ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં વિદ્યાર્થીઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.કે. શાહ લાટીવાળા ડી.એલ.એડ. કોલેજના કા. આચાર્ય ગીતાબેન નિનામા અને તાલીમાર્થીઓએ રક્તદાન કર્યુ હતુ. જેમાં હરીજન રાકેશ અને ટીમે રક્તદાન કર્યુ હતુ. કોલેજનો સમગ્ર સ્ટાફ કેમ્પમાં જોડાયો હતો. અમદાવાદ કેન્સર હોસ્પિટલમાંથી ડૉક્ટરની ટીમે આ કેમ્પ માટે સેવાઓ આપી હતી. મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી અને પ્રભારી મંત્રી ધીરેનભાઈ એમ. પ્રજાપતિએ અભિનંદન પાઠવ્યા હતા.

હિંમતનગરમાં એક નવી પહેલ

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરની વણજારાવાસ પ્રા. શાળામાં ફરજ બજાવી ચંદ્રકાન્ત પુંજીરામ પટેલ (હડીયોલ) વયનિવૃત થયેલ, ૫૮ વર્ષ સુધી શિક્ષણના આ ઓજસ્વી યજ્ઞમાં પ્રમાણિકતા અને નિષ્ઠાથી સેવા આપી વયનિવૃત થનાર શિક્ષકનું ઋણ સ્વીકાર અને સન્માન પ્રણાલી મુજબ શાળા પરીવાર કરતો હોય છે. પરંતુ તાજેતરમાં થયેલા ક્રુર આતંકવાદી હુમલાથી લાગણીસભર બનેલા ચંદ્રકાન્ત પુંજીરામ પટેલે પોતાનો જાહેર વિદાય સમારંભ ન યોજી તેમાં થનાર ખર્ચ આતંકવાદી હુમલામાં શહીદ થનાર સૈનિકોનાં પરીવારને આપવા માટેની નવી પહેલ કરવાનુ સૂચન કર્યુ. જેને વણજારાવાસ પ્રા. શાળા પરીવારે પણ વધાવી લઈ નિવૃત્ત શિક્ષક ચંદ્રકાન્ત પુંજીરામ પટેલ અને શાળાના ગુરુજનો દ્વારા સામુહિક રીતે ૫૧૦૦૦ રૂપિયાનું દાન શહીદ થયેલા સૈનિકોનાં પરીવારને અર્પણ કરી શિક્ષક સમાજમાં એક પ્રેરણાદાયી નવી પહેલ શરૂ કરી છે.

વન અધિનિયમના ઝડપી અમલ માટે ખેડૂતોનું આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૨૨

ગુજરાત સરકારની આદિજાતી વિભાગ દ્વારા ઘણા વર્ષો અગાઉ ૧૨ જિલ્લામાં વન અધિકારી અધિનિયમ અંતર્ગત જમીન પર કબજો ધરાવતા ખેડૂતોએ તે જમીન પર માલીકોનો દાવો કર્યો છે. પરંતુ તે પૈકી ૧ લાખથી વધુ ખેડૂતોને ન્યાય મળ્યો નથી. જે અંગે ગુરૂવારે એકલવ્ય સંગઠન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

આ અંગે એકલવ્ય સંગઠન દ્વારા અપાયેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ પૂર્વ પટ્ટીમાં રહેતા બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ અન પંચમહાલના મળી અંદાજે ૧,૮૨,૮૬૯ ખેડૂતોએ જંગલ વિસ્તારમાં આવેલી તેમની જમીન માટે તંત્ર સમક્ષ અરજી કરી હતી. પરંતુ તે પૈકી ૧૦ વર્ષ બાદ તંત્રએ ફક્ત ૪૦.૪ ટકા એટલે કે ૭૩,૯૨૧ ખેડૂતોને અધિકારપત્રો આપ્યો છે. બાકીના ૧,૦૮૯૪૮ ખેડૂતોની અરજીઓ વનઅધિકાર સમિતિ પ્રાંત કચેરી તરફથી જંગલ ખાતાની દંડની પાવતી ન હોવાનું બહાનુ કાઢી તેમના દાવા ના મંજુર કરી ગદીધા છે. જોકે આ ખેડૂતો હજુ પણ તે જમીન પર ખેતી કરી રહ્યા છે.

એટલુ જ નહી પણ જે ખેડૂતોને અધિકારપત્ર અપાયા છે તેમને વન અધિકાર અધિનિયમની જોગવાઈ મુજબ દસ એકરની મર્યાદામાં જમીન અપાઈ નથી તેઓ આક્ષેપ કરાયો છે. સાથોસાથ ગ્રામસભામાં દાવા અરજીની ખરાઈ કરીને પ્રાંત કચેરીમાં મોકલી અપાઈ હોવા છતાં તે દાવા નામંજુર કરાયા છે. સાથોસાથ નામંજુર કરાયેલ દાવાઓ અંગે ખેડૂતો અપીલમાં ગયા હોવા છતાં તેની ઝડપી સુનાવણી કરાતી નથી. જે અંગે સરકારે વનવાસીઓના પ્રશ્નો અંગે સત્વરે હકારાત્મક કાર્યવાહી કરવાની અરજ આવેદનપત્રમાં કરાઈ છે.

અરવલ્લી જીલ્લાના શિક્ષકોની અટકાયતથી

આગામી વિધાનસભામાં સરકારની સિનિયોરીટી ભંગની ગર્ભિત ધમકી

મોડાસા, તા. ૨૨

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ૧૯૯૭થી ફિક્સ

પગારના શિક્ષકોને સંળગ ગણવાની માંગ સાથે માસ સીએલ સહીત વિધાનસભા ઘેરવાના કાર્યક્રમને લઈને તેમજ તેમની અન્ય પડતર માંગણીઓ સાથે રાજ્ય વ્યાપી પ્રા.શાળાના શિક્ષકોના એલાનમાં જોડાયા છે. ત્યારે ૧૨૦૦ જેટલી જિલ્લાની શાળાના ૬ હજારથી વધુ શિક્ષકો શાળાથી અળગા રહેતા શાળામાં અભ્યાસ થંભી ગયો હતો.

અરવલ્લી જીલ્લાના ૬ તાલુકામાંથી મોટી સંખ્યામાં પ્રાથમિક શિક્ષકો વિવિધ પડતર માંગણીઓ સાથે વિધાનસભા ઘેરવા કાર્યક્રમમાં જોડાવવા મોડાસા માલપુર મેઘરજ સહિતના તાલુકાના શિક્ષકો ખાનગી વાહનોમાં ગાંધીનગર વિધાનસભા ના ઘેરાવા કાર્યક્રમમાં જવા નીકળ્યા હતા. તે દરમિયાન ચિલોડાની આસપાસ પોલીસે અટકાયત કરી હોવાનું અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ મહેશભાઈએ દાવો કર્યો હતો. ધનસુરા પોલીસે ૫૦થી વધુ શિક્ષકોને અટકાયત કરતા શિક્ષકોમાં આક્રોશ ફેલાયો હતો જોકે તમામ બાબતો વચ્ચે પરીક્ષાઓ નજીક હોય ત્યારે આજે અરવલ્લી જિલ્લાના ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભણતરથી વંચીત રહેશે.

અરવલ્લી જીલ્લાના પૂર્વ પ્રમુખ હસમુખભાઈ પટેલે પ્રાથમિક શિક્ષકોએ પડતર પ્રશ્નો અંગે સરકાર સામે શાંતિથી અહિંસક માર્ગે ધરણા કરી રહ્યા છે. આજે ચાણક્ય ભવનથી ૧૦૦૦ શિક્ષકોની પોલીસે દમનકારી સાથે અટકાયત કરી હોદેદારોની આગલી રાતથી અટકાયત કરવાની સાથે આજે તાલુકા મથકે અને હાઈવે પરથી અટકાયત કરતા આગામી વિધાનસભા-૨૦૨૨માં સરકારની સિનિયોરીટી ભંગ ના થાય તેવી ગર્ભિત ચીમકી ઉચ્ચારી હતી.

ખેડબ્રહ્મામાં શહેરમાં શોર્ટ સર્કિટથી આગ લાગી



ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઈલેક્ટ્રિકનું કામકાજની દુકાનમાં ગુરુવાર સાંજના આગ લાગતા માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

ખેડબ્રહ્મા બસ સ્ટેશન વિસ્તરમાં ઉર્ચીધનાલ ગામના પટેલ કનુભાઈ ડાહ્યાભાઈ ઉમિયા ઈલેક્ટ્રિક નામે દુકાન ચલાવે છે. ગુરુવાર સાંજના દુકાન બંધ કર્યા બાદ અચાનક દુકાનમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી અને અંદર વાયર અને ઈલેક્ટ્રિક સમાન હોઈ આગ જલદી પ્રસરવા લાગી હતી અને શટરમાથી ધુમાડા નીકળતા આજુબાજુથી લોકો આવી જઈ કનુભાઈને જાણ કરી હતી. જેમને આવી દુકાન ખોલતા અંદર આગ બહુ પ્રસરી ગઈ હોય ખેડબ્રહ્મા નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરતાં ફાયર વિભાગ દ્વારા આગ ઓલવવામાં આવી હતી પરંતુ દુકાનનો સર સમાન આગના હવાલે થઈ જવાથી વેઓરીને મોટું નુકશાન આવ્યું હતું.

અરવલ્લી જીલ્લામાં એસટી કર્મચારીઓ બીજા દિવસે પણ આક્રમક મૂડમાં

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં એસટી કર્મચારીઓએ હડતાલના બીજા

દિવસે આક્રમક વિરોધ પ્રદર્શન કરી પડતર માંગણીઓ નહિ સ્વીકારાય તો યાર યા પારની સરકાર સામે લડી લેવાના મુડમાં જણાઈ રહ્યા છે. જીલ્લાના મોડાસા, બાયડ અને ભિલોડા એસટી ડેપોમાં કર્મચારીઓ એકઠા થઈ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સરકાર દ્વારા એસટી કર્મચારીઓની માંગને લઈને હડતાલ રૂપી આંદોલનને તોડી નાખવા ખાનગી બસનો સહારો લેતા કર્મચારીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે.

ભિલોડા તાલુકામાં શનિવારે એસટી ડેપોના કર્મચારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ વિજય રૂપાણીના પૂતળા સાથે ઢોલ-નગારા સાથે મુખ્યમાર્ગ પર રેલી કાઢી ચક્કાજામ કરતા અને મુખ્યમંત્રી વીજય રૂપાણીના પૂતળાનું દહન કરે તે પહેલા પોલીસે પૂતળા દહન અટકાવ્યુ હતું. મોડાસા એસટી ડેપોમાં "વિજય રૂપાણી" હાય હાય અને "નીતિન પટેલ" હાય હાયના નારા લગાવ્યા હતા.

ખેડબ્રહ્મા જ્યોતિ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા-વિદાય સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્માની સંત શ્રી નથ્થુરામ બાપા જ્યોતિ વિદ્યલાય ખાતે એસ.એસ.સી., અને એચ.એસ.સી.ના વિદ્યાર્થીનો શુભેચ્છા, વિદાય સમારંભ અને તેજસ્વી તારલાઓનું પુરસ્કાર સમારંભ યોજાયો હતો. જેમાં જેઠાભાઈ કે. પટેલ, ડો. નિશાદભાઈ ઓઝા ઉપસ્થિત રહી બાળકોને માતૃભાષા વંદના દિનની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના તેજસ્વી તારલા અને રાજ્યકક્ષાએ કબડ્ડીમાં ભાગ લેનાર બહેનોની ટીમને પુરસ્કારથી

સન્માનવામાં આવી હતી. શાળાના આચાર્ય સુરેશકુમાર પટેલ બોર્ડની પરીક્ષામાં સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા. આખા સમારંભનું સંચાલન અજીતસિંહ દેવડાએ કર્યું હતું.